પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૨) અંક નં. ૨૮ | ૯ એપ્રિલ, ૨૦૧૭, રવિવાર ; ચૈત્ર સુદ - ૧૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# ભારત-બાંગ્લાદેશ વચ્ચે મહત્વના ૨૨ કરારો

## ભારત બાંગ્લાદેશ વચ્ચે ટ્રેન, બસ સેવા શરૂ કરવાનો નિર્ણય : બાંગ્લાદેશમાં ભારત પરમાણુ રિએક્ટર સ્થાપિત કરશે

નવી દિલ્હી,તા. ૮

વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને બાંગ્લાદેશના વડાપ્રધાન શેખ હસીના વચ્ચે આજે હૈદરાબાદ હાઉસ ખાતે થયેલી શિખર મંત્રણા દરમિયાન ૨૨ જેટલા મહત્વના કરારો પર હસ્તાક્ષર કરવામાં આવ્યા છે. આ કરારોમાં કોલકાતાથી ખૂલના વચ્ચે એક ટ્રેન શરૂ કરવાની સાથે બે બસ સેવા શરૂ કરવા પણ સમજૂતિ કરાઈ છે. ટ્રેન આગામી એક જુલાઈથી શરૂ કરવામાં આવશે. દરમિયાન ભારત તરફથી બાંગ્લાદેશને ૪.૫ અરબ ડોલરની ક્રેડિટનું પણ એલાન કરવામાં આવ્યું છે. ભારત અને બાંગ્લાદેશ વચ્ચે મહત્વના કરારો પર હસ્તાક્ષર કરવામાં આવ્યા બાદ બંને દેશો તરફથી જારી કરવામાં આવેલા એક સંયુક્ત નિવેદનમાં બાંગ્લાદેશ સરકાર તરફથી આતંકવાદ વિરુદ્ધ જાહેર કરવામાં આવેલી ઝીરો ટોલરન્સની પોલિસીની વડાપ્રધાન દ્વારા પ્રશંસા પણ કરવામાં આવી હતી. પ્રાપ્ત વિગતો અનુસાર હૈદરાબાદ હાઉસ ખાતે બંને નેતાઓ વચ્ચે શિખર મંત્રણા બાદ એક સંયુક્ત નિવેદન જારી કરવામાં આવ્યું હતું જેમાં તમામ ૨૨ સમજૂતિઓ અંગે જાણકારી આપવામાં આવી હતી. વિદેશ મંત્રાલયના પ્રવક્તા ગોપાલ વાગલેએ ભારત અને બાંગ્લાદેશ વચ્ચેના સંબંધો અંગે ટ્વીટ કરતા કહ્યું કે, આ એક નવો અધ્યાય શરૂ થયો છે. વડાપ્રધાન મોદીએ કહ્યું

● અનુસંધાન પાન-૭ પર

## ન્યુઝ ટ્રેક

### ૧૮ લાખ બેંક ખાતાધારકો સાવધાન

નોટબંધી પછી ૧૮ લાખ એવા બેંક ખાતાધારકોની ખબર પડી છે જેમની જમા રકમ ખાતાધારકની આવક સાથે મેળ ખાતી નથી. એટલે આવા બેંક ખાતાધારકો પાસેથી પ્રાથમિક જાણકારી માંગવામાં આવી છે. તેઓને ટુંક સમયમાં નોટીસ મોકલવામાં આવશે.

### અખિલેશના ફોટાવાળી સ્કૂલ બેગ ધૂળ ખાય છે

ઉત્તરપ્રદેશના પૂર્વ મુખ્યમંત્રી અખિલેશ યાદવના ફોટા સાથે તૈયાર કરાવવામાં આવેલી લાખો સ્કૂલ બેગ પ્રદેશના વિવિધ વિસ્તારોમાં આવેલા ગોડાઉનમાં ધૂળ ખાઈ રહી છે.

## યુપીમાં ૩ રૂપિયામાં નાસ્તો અને ૫માં ભોજનની યોજના

### ૧૨મી એપ્રિલે મુખ્યમંત્રી નિરીક્ષણ કરશે : શ્રમજીવીઓને નાસ્તામાં દાળિયા, પૌઆ અને ભોજનમાં સિઝન મુજબનું શાકભાજી, તુવેરદાળ અને ભાત પિરસાશે

લખનૌ, તા. ૮

યોગી આદિત્યનાથની સરકાર દ્વારા હવે એક નવી પહેલ કરીને માત્ર ત્રણ રૂપિયામાં નાસ્તો અને પાંચ રૂપિયામાં ભોજન આપવાની જાહેરાત ટૂંક સમયમાં કરવામાં આવે એવી સંભાવના છે. પ્રાપ્ત વિગતો અનુસાર આદિત્યનાથની સરકાર સત્તામાં આવી છે ત્યારથી અનેક પ્રકારની ચર્ચામાં તેઓ છે. ક્યારેક સરકારી કર્મચારીઓને શિસ્ત અને સમય જાળવી રાખવાના પગલાને લઈ તો ક્યારેક ખેડૂતોને ૧ લાખ રૂપિયા સુધીનું દેવું માફ કરવાની જાહેરાતને લઈને આદિત્યનાથની સરકાર ચર્ચામાં રહી છે. હવે ગરીબો માટે મધ્યપ્રદેશના શિવરાજસિંહ ચૌહાણની સરકાર દ્વારા શરૂ કરવામાં આવેલી દિનદયાળ રસોઈ યોજના અને તમિળનાડુના ભૂતપૂર્વ મુખ્યમંત્રી જયલલિતા દ્વારા શરૂ કરવામાં આવેલી અમ્મા કેન્ટીનની જેમ

● અનુસંધાન પાન-૭ પર

## દેશમાં પ્રથમ વખત ચાર મોટી હાઈકોર્ટમાં મહિલા ચીફ જસ્ટીસ

### મુંબઇ, મદ્રાસ, કોલકત્તા અને દિલ્હી હાઇકોર્ટમાં મહિલા હાલ ચીફ જસ્ટીસ : દેશમાં ૬૩૨ જજ પૈકી ૬૮ મહિલા

નવી દિલ્હી,તા. ૮

ન્યાયિક સેવામાં મોટા ભાગના ટોપના હોદ્દા પર પુરૂષો રહે છે. પરંતુ પ્રથમ વખત એવી સ્થિતી હવે થઈ છે જેના ભાગરૂપે તમામ લોકોને આશ્ચર્ય થવાની સાથે સાથે ખુશી પણ થઈ રહી છે. દેશમાં પ્રથમ વખત ચાર મોટી અને સૌથી જુદી હાઈકોર્ટમાં ચીફ જસ્ટીસ તરીકે મહિલા છે. જેમાં મુંબઈ, મદ્રાસ, કોલકતા અને દિલ્હી હાઈકોર્ટનો સમાવેશ થાય છે. મદ્રાસ હાઈકોર્ટના ચીફ જસ્ટીસ તરીકે ઈન્દિરા બેનર્જીની નિમણૂંક કરવામાં આવી છે. આની સાથે જ એક નવો ઈતિહાસ સર્જાઇ ગયો છે. આ ચારેય હાઈકોર્ટની સ્થાપના ખુબ પહેલા કરવામાં આવી હતી. મખ્ય ન્યાયાધીશને ગણીને મદ્રાસ હાઈકોર્ટમાં હવે કુલ છ મહિલા

● અનુસંધાન પાન-૭ પર

REQUIRED
STOCK MARKET LEADER FOR NEW OFFICE
• Equity Dealer : 2 Post
• Front Office Asst. : 2 Post
• Office Boy : 2 Post
0 to 3 Yrs. Experince
Deserving candidate will get best salary package.
Walk with Full CV on Sunday
Bestboy Financial Solution
F-13 & 14, Megh Malhar, Sec.-11, Opp. CNG Pump, Gandhinagar

સ્પે. ભાલીયા ઘઉંના
ખાખરા
શ્રી ભાગ્યલક્ષ્મી
મહિલા ગૃહ ઉદ્યોગ
પ્લોટ નં. ૧૪૭, શોપીંગ સેન્ટરની બાજુમાં, સેક્ટર-૮, ગાંધીનગર
મો. ૯૫૭૪૫ ૬૪૯૩૬

CENTRAL UNIVERSITY OF GUJARAT
Sector-29, Gandhinagar-382030.
Tender No. CUG/GM/2017-18/01 Dated 06th April 2017
The Central University of Gujarat, Gandhinagar is inviting quotations to dispose off the following Tata Indigo GLX Sedan Petrol vehicle in running condition.

| Sr. No. | Registration No. | Modal | Make |
|---|---|---|---|
| 1 | GJ-18 - AH - 4855 | Tata Indigo GLX | May -2010 |

Detailed Terms & Conditions and the Tender/application/Enquiry Document may be downloaded from www.cug.ac.in. Last date for submission of quotation in prescribed from is 17/04/2017.
Registrar

રહીમચાચા આવી ગયા છે
ફળોના રાજા કેરી માટે
રત્નાગીરી હાફુસ કેરી તથા પાયરી કેરી,
તથા સૌરાષ્ટ્ર અને કચ્છની કેસર કેરી માટે મળો
જુના અને જાણીતા
રહીમચાચા
(૨૭ વર્ષથી રેગ્યુલર સર્વિસ)
નવદીપ કિરાણા પાછળ, રૂપકલા જ્વેલર્સની બાજુમાં, ડિસ્ટ્રીક્ટ શોપીંગ સેન્ટર, સેક્ટર-૨૧, ગાંધીનગર
ખાસ નોંધ : સોમવારે પણ અમારી દુકાન ચાલુ રહેશે.

નારાયણા મલ્ટિસ્પેશ્યાલિટી હૉસ્પિટલ, અમદાવાદ
હૃદયની વ્યાપક સારવારનો વિશ્વાસપાત્ર વિકલ્પ...
NH Narayana Multispeciality Hospital
Unit of Narayana Health
2100* થી વધુ હૃદયની સર્જરી (બાયપાસ અને વાલ્વ રિપ્લેસમેન્ટ)
10000* થી વધુ હૃદયની પ્રોસીજર (એન્જીયોગ્રાફી અને એન્જીયોપ્લાસ્ટી)
એન્જીયોગ્રાફી, એન્જીયોપ્લાસ્ટી અને બાયપાસ સર્જરીના વિશેષ પેકેજીસ ઉપલબ્ધ



નારાયણા મલ્ટિસ્પેશ્યાલિટી હૉસ્પિટલ, અમદાવાદને મળ્યો હૃદય રોગની ઉત્તમ સેવાઓ માટે એક્સેલન્સ એવોર્ડ*
મુખ્યમંત્રી અમૃતમ્ યોજનાના ધારકો માટે માન્યતા પ્રાપ્ત હૉસ્પિટલ
અપોઇન્ટમેન્ટ માટે સંપર્ક: 823 807 5878
નારાયણા મલ્ટિસ્પેશ્યાલિટી હૉસ્પિટલ,
નારાયણા BRTS બસ સ્ટેન્ડ પાસે, રખિયાલ, અમદાવાદ.
ફોન : 079 - 71 22 2222 | www.nhahmedabad.org
નોંધ : • જૂના તમામ રિપાર્ટ અને ચાલુ દવાઓની જાણકારી અચૂકપણે સાથે લાવવી. • SBI, RBI, BSNL, ESIC, ગુજરાત સરકાર તથા કેન્દ્ર સરકારના કર્મચારીઓ માટે માન્યતા પ્રાપ્ત હૉસ્પિટલ. *શરતો લાગુ. માય એફએમ દ્વારા એવોર્ડ.

દર મહિનાના બીજા રવિવારે
osia HYPERMART
20% OFF ON OSIA SELLING PRICE
ગારમેન્ટ્સ અને ફૂટવેર પર
મેન્સ-વુમેન્સ-કીડ્ઝ
બેગ્સ અને પર્સ પર
લેડીઝ પ્રીન્ટેડ બેગ્સ, જ્યુટ બેગ્સ, ફેન્સી ઝોલા, લેડીઝ પર્સ, મલ્ટી પર્પઝ પાઉચ, ટ્રોલી, સ્કુલ બેગ વગેરે...
હાઉસ હોલ્ડ અને હોમ ફર્નિશીંગ પર
પ્લાસ્ટીક-ગ્લાસ-મેલામાઈન-સ્ટીલ વેર, બેડ શીટ્સ, કર્ટેઈન્સ, ડોરમેટ્સ, ટોવેલ્સ, ક્રોકરી, હેન્ડલુમ, હેન્ડીક્રાફ્ટ્સ, વગેરે...
ONE DAY NO PROFIT NO LOSS OFFER
ગ્રાહકોને જથ્થાબંધ ખરીદી ન કરવા નમ્ર વિનંતી.
WE ALSO ACCEPT sodexo
સેક્ટર ૨૧, આર વર્લ્ડ આઈનોક્સ સીનેમા, શાકમાર્કેટ સામે, ગાંધીનગર. ફોન નં. : ૦૭૯ ૨૩૨૬૦૪૯૩
અન્ય સ્ટોર્સ
મોટેરા: 4D સ્કવેર મોલ, વિસત ગાંધીનગર રોડ. નારણપુરા: રત્નમણિ હાઉસ સામે, નારણપુરા ચાર રસ્તા.
ખોખરા: આશાપુરા સ્કવેર, ખોખરા સર્કલ પાસે. નિકોલ: પેવેલિયન મોલ, પ્લેટિનમ પ્લાઝા સામે.
* Conditions apply.